Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-4, March-2020
www.researchguru.net

# બ્રિટીશકાલીન ભારતમાં શિક્ષણના આરંભિક પ્રયાસો

પ્રા.અશ્વિનકુમાર એચ. રાઠવા
આસિસ્ટન્ટ પ્રોફેસર, સ્વ. એમ.સી. પરમાર બી.એડ. કૉલેજ, ખટમ્બા, મુ. ખટમ્બા, વાઘોડિયા-વડોદરા રોડ,
જિ. વડોદરા, ગુજરાત

**સારાંશ :** *ભારતની શૈક્ષણિક અને સાંસ્કૃતિક પરંપરા વિશ્વમાં જાણીતી છે.આપણી સંસ્કૃતિ પ્રાચીન છે. ૪૦૦૦ વર્ષ પહેલા ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણની શરૂઆત થઈ. પ્રાચીન ભારતના શિક્ષણ તેમજ સમાજની જાણકારી માટે વૈદિક સાહિત્યનું પ્રથમ સ્થાન રહ્યું છે. ત્યારબાદ બૌદ્ધકાલીન શિક્ષણ વ્યવસ્થા રહી. બૌદ્ધ શિક્ષણનાં કેન્દ્ર બૌદ્ધ મઠ અથવા સંઘ હતાં. મધ્યકાલીન ભારતના શિક્ષણ અંગે ડૉ.કેઈ લખે છે કે, " મુસ્લિમ શિક્ષણ એક વિદેશ પ્રણાલી હતી. જેનું ભારતમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું હતું. જેણે બ્રાહ્મણીય શિક્ષણની સાથે અતિ અલ્પ સંબંધ રાખ્યો અને તે નવી ભૂમિમાં વિકસ્યું. સમય વીતતો ગયો. ભારતમાં બ્રિટીશ શાસનનો પગપેસારો મજબુત બનતો ગયો અને તેઓએ ભારતમાં શિક્ષણનો આરંભ કરવા પોતાના પ્રયત્નો આદર્યા." પ્રસ્તુત સંશોધનમાં બ્રિટિશ કાળના એ આરંભિક પ્રયાસો વિષે વાત કરવામાં આવેલ છે.*

**ચાવીરૂપ શબ્દો :** *વૈદિક સાહિત્ય, બૌદ્ધ મઠ, બૌદ્ધકાલીન શિક્ષણ વ્યવસ્થા*

**પૂર્વભૂમિકા :**

લંડન વેપારી મંડળ ઈ.સ. ૧૬૦૦માં ભારતમાં વેપાર અર્થે આવ્યું. શરૂઆતમાં તેણે વેપારના પટ્ટા મેળવ્યા. ઈંગ્લેન્ડની પાર્લામેન્ટ દ્વારા તેણે ભારતમાં વેપારની છૂટ આપવામાં આવી. વેપાર અર્થે આવેલું આ મંડળ ૧૬૯૮ માં પટ્ટાની રકમ ન ભરી શક્યું. પરિણામે 'ઇસ્ટ ઇન્ડિયા કંપની' અસ્તિત્વમાં આવી. તેને પટ્ટો આપવા સાથે દર ૫૦૦ ટનના વહાણ સાથે એક પાદરીની આયાત ઈંગ્લેન્ડથી કરવાની છૂટ આપી. આ પાદરી ભારતમાં ધર્મપ્રચાર અને શિક્ષણ પ્રસાર એમ બે કાર્ય કરતા. આ રીતે ધીમે ધીમે ભારતમાં વેપાર, રાજકારણ અને શિક્ષણ ત્રણેમાં કંપનીએ પગપેસારો કર્યો. ભારતમાં અંગ્રેજોએ પોતાના સ્વાર્થે આધુનિક શિક્ષણ આપવાના જે પ્રારંભિક પ્રયાસો કર્યા જે સમય જતાં ભારતીયો માટે વરદાનરૂપ સાબિત થયું.

**પ્રાથમિક પ્રયાસો :**

અંગ્રેજોને મોગલ બાદશાહ શાહઆલમ પાસેથી ૧૭૬૫માં બંગાળ,બિહાર અને ઓરિસાની દીવાની મળતાં, ભારતમાં બ્રિટિશ સત્તાનો પ્રારંભ થયો. પ્રાચીન ભારતની વિખ્યાત શિક્ષણ સંસ્થાઓનો લાંબા સમય પહેલાં અસ્ત થયો હતો. સલ્તનત સમયમાં સ્થાનિક શિક્ષણને કોઇ ઉત્તેજન મળ્યું ન હતું. મોગલ યુગમાં અને વિશેષ કરીને અકબરના શાસનકાળમાં ફારસી, ઉર્દૂ તથા હિન્દી શિક્ષણ અને સાહિત્યને સારું એવું પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. ત્યાર પછી ઔરંગઝેબના મૃત્યુ બાદ મોગલ સત્તાનું પતન થતાં તથા મરાઠાઓ મોટે ભાગે લડાઈઓમાં રોકાયેલા રહેવાથી શિક્ષણની ઉપેક્ષા થઇ. અલબત્ત અંગ્રેજ સત્તાની ભારતમાં શરૂઆત થઈ ત્યારે હિંદુ ધર્મસ્થાનોમાં પાઠશાળાઓ તથા મસ્જિદોમાં મદ્રેસાઓ જેવી શિક્ષણ સંસ્થાઓ ચાલતી. તેઓ વિદ્યાર્થીઓને પ્રાથમિક કક્ષાનું કહી શકાય તેવું શિક્ષણ આપતી. પરંતુ આ સંસ્થાઓનું સ્વરૂપ મર્યાદિત, અનિયમિત અને પુરાણું હતું, તેથી શિક્ષણનો ખાસ ઉપયોગી હેતુ સરતો નહિ.

**ખ્રિસ્તી ધર્મ-પ્રચારકોની પહેલ :**

ભારતમાં પાશ્ચાત્ય ઢબે શિક્ષણ આપવાની પહેલ ખ્રિસ્તી ધર્મ-પ્રચારકોએ કરી હોવાનું કહી શકાય. આ પહેલા ફિરંગીઓએ આવા પ્રયત્નો કરેલા, પરંતુ તેમાં ધાર્મિક અસહિષ્ણુતાનું તત્ત્વ મુખ્ય હોવાને લીધે તેમને સદંતર નિષ્ફળતા મળી. વિલિયમ કેરેએ પોતાના બે સાથીદારો જહોન માર્શમન અને વિલિયમ વોર્ડની સહાયથી કલકતાથી આશરે ૩૦ કિલોમીટર દૂર આવેલા સિરામપુરમાં ૧૭૮૯માં પ્રથમ શિક્ષણ સંસ્થાની સ્થાપના કરી. કેરેએ સંસ્કૃત, બંગાળી, મરાઠી તથા હિન્દી ભાષાઓ પર પ્રભુત્વ મેળવ્યું. તેણે સંસ્કૃતનું વ્યાકરણ, સંસ્કૃતનો શબ્દકોશ, વાલ્મીકિ રામાયણની નવી આવૃત્તિ, બંગાળીનું વ્યાકરણ, આશરે ૮૦,૦૦૦ બંગાળી શબ્દોનો બનેલો બંગાળી શબ્દકોશ વગેરે પુસ્તકો પ્રસિદ્ધ કરીને શિક્ષણ અને સાહિત્યને નોંધપાત્ર ઉત્તેજન આપ્યું. તેણે કેટલાક નવજુવાન બંગાળી લેખકોને પણ કૃતિઓ રચવા પ્રોત્સાહિત કર્યા.

કેરેએ સાહિત્ય-સાધના સાથે શિક્ષણ-સાધના પણ ચાલુ રાખી. તેની પ્રેરણાથી તેના સહ કાર્યકર માર્શમને સિરામપુરમાં છોકરા અને છોકરીઓ માટે પાશ્ચાત્ય ઢબે શિક્ષણ આપતી પ્રથમ શાળા સ્થાપી. શ્રીમતી માર્શમને સિરામપુરમાં કન્યાઓ માટે પ્રથમશાળા શરૂ કરી. ત્યારબાદ સિરામપુરના ખ્રિસ્તી સ્ત્રી સમાજે કલકત્તા, ઢાંકા, ચિતાગોંગ વગેરે શહેરોમાં કન્યાશાળાઓ શરૂ કરી. વિલિયમ વોર્ડે સિરામપુરમાં મદ્રણાલય શરૂ કર્યું. આનાથી શિક્ષણ અને સાહિત્યની પ્રવૃત્તિઓને સારું એવું ઉત્તેજન મળ્યું. લોર્ડ વેલેસ્લીએ ૧૮૦૧માં કલકત્તામાં સ્થાપેલી ફોર્ટ વિલિયમ કોલેજમાં પણ કેરેએ બંગાળીના શિક્ષક તરીકે સેવાઓ આપી. વિલિયમ કેરે બાદ તેના પુત્ર ફેલિક્સ કેરે જહોનક્લાર્ક, માર્શમન વગેરેએ શૈક્ષણિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓ ચાલુ રાખી.

આમ, આ ખ્રિસ્તીધર્મ-પ્રચારકોએ બંગાળનાં પુનરુત્થાન તથા ધર્મસુધારણા માટેની પાયાની કામગીરી બજાવી તથા રાજારામમોહનરાયના કાર્યની પૂર્વભૂમિકા બાંધી તેમ કહી શકાય. આ પહેલા ૧૭૮૪માં કલકત્તામાં સર વિલિયમ હાથે ખાસ કરીને ઐતિહાસિક સંશોધનો માટે બંગાળ એશિયાટિક સોસાયટીની સ્થાપના થઇ હતી, તેણે પણ શિક્ષણ અને સાહિત્યની પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર ફાળો આપ્યો.

**૧૮૧૩ના સનદીધારાથી પરિવર્તન, ધર્મ-પ્રચારકોની પ્રવૃત્તિઓને અધિકૃત પરવાનગી :**

વીસ વર્ષે નવી સનદ આપવાનો પ્રશ્ન બ્રિટિશ સંસદમાં ઉપસ્થિત થયો ત્યારે કંપનીના એક સંચાલક ચાર્લ્સ ગ્રાન્ટ તથા વિલિયમ વિલ્બરફોર્સ (ગુલામી વિરુદ્ધનાં આંદોલનના અગ્રેસર) જેવા નેતાઓના પ્રયાસોથી ૧૮૧૩ના સનંદી ધારામાં ખ્રિસ્તી પાદરીઓને ભારતમાં બ્રિટિશ વિસ્તારમાં ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવાની છૂટ આપતી ખાસ જોગવાઈ કરવામાં આવી. ખ્રિસ્તી પાદરીઓને આવી

અધિકૃત પરવાનગી મળતાં તેઓએ દક્ષિણ તથા ઉત્તર ભારતના ઘણા ભાગોમાં ધીરે ધીરે ધાર્મિક પ્રચાર કેન્દ્રો તથા પાશ્ચાત્ય ઢબની શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરી. ૧૮૧૩નો સનદીધારો પસાર થયા બાદ ભારતમાં આવનાર ખ્રિસ્તી પાદરીઓમાં એલેકઝાન્ડર ડફ (૧૮૩૦-૧૮૭૮) સૌથી વિખ્યાત હતા. તે ભારતમાં ૧૮૩૦માં આવ્યા. ભારતમાં પોતાની ૪૮ વર્ષની શૈક્ષણિક અને ધાર્મિક કારકિર્દી દરમિયાન તેણે અનેક ભાગોમાં પાશ્ચાત્ય શિક્ષણ આપતી શાળા અને કોલેજો સ્થાપી.નીચલી જાતિઓના હિન્દુઓને

તથા બંગાળના મુકરજી, બેનરજી, ઘોષ, મજુમદાર, સરકાર, ચક્રવર્તી વગેરે કટુંબોની અમુક વ્યક્તિઓને ખ્રિસ્તી ધર્મ તરફ વાળવામાં પણ તેનો ફાળો સૌથી મોટો હતો. આવ્યક્તિઓ પછીથી નામાંકિત બની. વળી, ૧૮૧૩ના સનદીધારાએ બ્રિટિશ વિસ્તારમાં રહેલા ભારતીયોનાં શિક્ષણ, જ્ઞાન અને વિજ્ઞાનના પ્રચાર માટે વાર્ષિક રૂ. એક લાખ ફાળવવાનો પણ કંપની સરકારને આદેશ આપ્યો.જોકે આશરે ૨૦ વર્ષ સુધી આ રકમનો ઉપયોગ થઇ શક્યો નહિ, છતાંયે કંપની સરકારે આધારા દ્વારા હિન્દીઓને શિક્ષણ આપવાની પોતાની જવાબદારીનો પ્રથમ સમયે સ્વીકાર કર્યો.

**કલકત્તાની હિન્દુ કૉલેજ (હિન્દ વિદ્યાલય - ૧૮૧૭) :**

કલકત્તાની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સર હાઈડ ઇસ્ટ, કલકત્તાના અગ્રેસર ઝવેરી ડેવીડ હેર તથા કલકત્તાના અગ્રણી નાગરિક વૈદ્યનાથ મુખરજીના પ્રયાસોથી કલકત્તામાં જાન્યુઆરી, ૧૮૧૭માંહિન્દુકોલેજ (હિન્દવિદ્યાલય) ની સ્થાપના થઈ. તેમાં અંગ્રેજી, બંગાળી, ફારસી તથા હિન્દુસ્તાની ઉપરાંત ગણિત, ઈતિહાસ, ભૂગોળ, ખગોળવિદ્યા વગેરે વિષયો શીખવવાની જોગવાઇ કરવામાં આવી. આ માટે વિખ્યાત શિક્ષકો અને પંડિતોની નિયુક્તિ કરવામાં આવી. રાજા રામમોહનરાય ફક્ત અંગ્રેજી શિક્ષણના હિમાયતી હોવાથી તથા આ કૉલેજની સાથે સંકળાયેલ રૂઢિચુસ્ત તત્વોના વિરોધી હોવાથી તેઓ સમિતિમાંથી અલિપ્ત રહ્યા. આ કૉલેજ માત્ર હિન્દુ વિદ્યાર્થીઓ માટે જ હતી. ૧૮૨૮માં તેમાં ૪૩૬ વિદ્યાર્થીઓ હતા. પછીથી કૉલેજનો વહીવટ બિનકાર્યક્ષમ વ્યક્તિઓને હસ્તક આવતાં, સરકારે ૧૮૫૫માં તેને પ્રેસિડન્સી કૉલેજમાં સમાવી લીધી. આમ, કૉલેજે કલકત્તા અને બંગાળની ઉચ્ચશિક્ષણના ક્ષેત્રે નોંધપાત્ર સેવા બજાવી. આ પહેલાં રાજા રામમોહનરાય તથા ડેવિડ હેરે ૧૮૧૬-૧૭માં કલકત્તામાં અંગ્રેજી શિક્ષણ આપતી શાળા

સ્થાપી હતી. તેણે માધ્યમિક શિક્ષણના પ્રસારણ પ્રશસ્ય ફાળો આપ્યો.

**શિક્ષણ પ્રત્યે સરકારી નીતિ (૧૮૧૩-૩૫) :**

હિન્દીઓને અંગ્રેજી શિક્ષણ આપવા સંબંધમાં કંપની સરકારના વરિષ્ઠઅધિકારીઓ છેક ૧૮૩૫ સુધી પોતાની નીતિનાં સ્પષ્ટ ન હતા. હિન્દીઓને પાશ્ચાત્ય ઢબે અંગ્રેજી તથા આધુનિક વિદ્યાઓનું શિક્ષણ આપવું કે હિન્દીઓની પુરાણી શિક્ષણ સંસ્થાઓને ચાલુ રાખી તેમને ઉત્તેજન આપવું તે પરત્વે પણ તેમનામાં મતભેદ હતો .આથી ૧૮૧૩ના સનદીધારાથી કંપની સરકારે હિન્દીઓને શિક્ષણ આપવાની પોતાની જવાબદારી સ્વીકારી, તો પણ આ દિશામાં કોઈ નક્કર પગલું ભરવામાં આવ્યું નહિ. આ બાબતમાં ૧૮૩૫ પહેલાં ફક્ત છૂટાછવાયા પ્રયાસો થયા. અરબી, ફારસી તથા મુસ્લિમ કાનૂનનું મુસ્લિમોને શિક્ષણ આપવાના તથા સરકારી કચેરીઓ માટે શિક્ષિત કર્મચારીઓ મેળવવાના ઇરાદાથી ૧૭૮૦માં વોરન હેસ્ટિંજે કલકત્તા મદ્રાસ (મુસ્લિમ કોલેજ) ની સ્થાપનાકરી. ત્યારબાદ બનારસના મુખ્ય અધિકારી જોનસન ડંકને ૧૭૯૧માં બનારસ સંસ્કૃત કૉલેજની સ્થાપના કરી. તેનો આશય હિન્દુઓમાં શિક્ષણનો પ્રચાર કરીને લાયક સરકારી કર્મચારીઓ પ્રાપ્ત કરવાનો હતો. અલબત્ત ૧૮૧૩ અને ૧૮૨૩ની વચ્ચે ખ્રિસ્તી પાદરીઓ દ્વારા અંગ્રેજી શિક્ષણ આપતી શાળા ઠીક ઠીક વિસ્તાર કરવામાં આવ્યો, પરંતુ કંપની સરકારે આ માટે કોઈ અધિકૃત નીતિ અપનાવી નહી. ગવર્નર જનરલ લોર્ડ એમ્હર્સ્ટે ૧૮૨૩માં કલકત્તામાં સંસ્કૃત કોલેજની સ્થાપના કરી, ત્યારે હિન્દીઓને પાશ્ચાત્ય ઢબનું શિક્ષણ આપવાના હિમાયતી રાજા રામમોહનરાયે તેનો વિરોધ કરેલો, પરંતુ આ હકીકત દર્શાવે છે કે કંપની સરકારના વરિષ્ઠ અધિકારીઓ હજુએ હિન્દીઓ માટે પૌર્વાત્ય ઢબના શિક્ષણની તરફેણ કરતા હતા.

**મેકોલેની નોંધ અને બેન્ટિકનો ઠરાવ (૧૮૩૫) :**

૧૮૨૮માં ભારતના ગવર્નર જનરલ પદે નિયુક્ત થનાર વિલિયમ બેન્ટિક બેસ્થામ તથા જેઈમ્સમીલની શિક્ષણમાં ઉપયોગિતાવાદની વિચારસરણીના અનુયાયી હતા.આ રીતે તે પાશ્ચાત્ય શિક્ષણના હિમાયતી હતા, પરંતુ થોડા સમય સુધી તેણે પૌર્વાત્ય અને પાશ્ચાત્યો વચ્ચેના મતભેદો પરત્વે સમતુલા જાળવી. દરમિયાનમાં ૧૮૩૩ના સનદીધારાએ હિન્દીઓનાં શિક્ષણ માટેની વાર્ષિક રકમ એક રૂપિયાને બદલે એક લાખ પાઉન્ડ (તે સમયે આશરે દશ લાખ રૂપિયા)નીકળી. આ સમય દરમિયાન હિન્દીઓનાં શિક્ષણની વ્યવસ્થા માટેની સારી એવી રકમ એકત્ર થઈ હતી. એટલે તેનો વહેલી તકે ઉપયોગ કરવાની જરૂર હતી. હિન્દીઓમાં પણ અંગ્રેજી શિક્ષણ પ્રત્યેની રુચિ અને માંગ વધતી જતી હતી. શાળા પુસ્તક મંડળે પ્રસિદ્ધ કરેલ ૩૧,૦૦૦ અંગ્રેજી પુસ્તકો ફક્ત બે વર્ષમાં વેચાઇ ગયાં; જયારે આ દરમિયાન સંસ્કૃત તથા અરબીમાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોની માંગ ભાગ્યે જ હતી. હિન્દીઓ કંપની સરકારની નોકરી મેળવવા આતુર હતા અને તે અંગ્રેજી શિક્ષણની પ્રાપ્તિ વગર શક્ય ન હતું. તેવામાં ૧૮૩૪માં મૅકોલેની ગવર્નર જનરલની કાઉન્સિલના કાયદા સભ્ય તથા શિક્ષણ સમિતિના પ્રમુખ તરીકે નિયુક્તિ થઈ. આથી પાશ્ચાત્યોને પોતાની વિચારસરણી અમલમાં મૂકવાનું વિશેષ બળ પ્રાપ્ત થયું, હિન્દીઓને શા માટે પાશ્ચાત્ય ઢબનું શિક્ષણ આપવું જોઈએ તેને લગતી વિસ્તૃત નોંધ મેકોલેએ તૈયાર કરીને બેન્ટિકને સુપરત કરી. તે પોતે જ નોંધે છે તેમ હિન્દીઓને અંગ્રેજી શિક્ષણ આપવા પાછળનો તેનો આશય લોહી તથા રંગમાં હિન્દી હોય પણ રુચિ, રીતભાત, વિચારસરણી તથા અભિપ્રાયોમાં અંગ્રેજ હોય તેવા હિન્દીઓનો વર્ગ ઊભો કરવાનો હતો.

બેન્ટિકને મેકોલેની દલીલો યથાર્થ લાગતાં તેણે ૭મી માર્ચ, ૧૮૩૫ના રોજ હિન્દમાં શિક્ષણનો નવો યુગ શરૂ કરતો ઐતિહાસિક ઠરાવ પસાર કર્યો. તેમાં જણાવવામાં આવ્યું કે ભારતમાં બ્રિટિશ સરકારનો આશય હિન્દીઓને અંગ્રેજી તથા યુરોપીય વિદ્યાઓનું શિક્ષણ આપવાનો હોઈને હિન્દીઓનાં શિક્ષણ માટે અલગ મુકાયેલી રકમ હવેથી ભારતમાં ફક્ત અંગ્રેજી શિક્ષણને ઉત્તેજન આપવા અર્થે વપરાશે. આ ઠરાવે પહેલી વાર હિન્દીઓનાં શિક્ષણ પ્રત્યેની બ્રિટિશ સરકારની અધિકૃત નીતિ સ્પષ્ટ કરી. આ ઠરાવથી ભારતમાં અંગ્રેજી શિક્ષણને ભારે વેગ મળ્યો અને થોડાક એક વર્ષોમાં જ ભારતમાં અંગ્રેજી શિક્ષણ આપતી શાળાઓ, કૉલેજો તથા યુનિવર્સિટીઓની સ્થાપના થઈ, પરંતુ મેકોલેની નોંધથી જ આ શક્ય

બન્યું તેમ કહેવું વધારે પડતું છે. છેક ૧૮૨૫થી કંપનીના સંચાલકો હિંદના ગવર્નર જનરલો સાથેના પત્રવ્યવહારમાં આ નીતિનો અમલ કરવા આગ્રહ કરતાં હતા, નિયામક મંડળના પ્રમુખ ચાર્લ્સ ગ્રાન્ટ, એલેકઝાન્ડર ડફ તથા ચાર્લ્સ ટ્રેવેલીયન જેવા આગેવાન અંગ્રેજ શિક્ષણશાસ્ત્રીઓ પણ આ માટે આગ્રહી હતા. રાજા રામમોહનરાય જેવાના પ્રયત્નો એ પણ આ મંતવ્યને બળ આપ્યું, વળી બેન્થામે પણ બેન્ટિકને આ બાબતની પ્રેરણા આપી હતી. તેણે નવેમ્બર, ૧૮૨૯માં બેન્ટિકને લખેલા પત્રમાં એવી આશા વ્યક્ત કરી હતી કે બેન્ટિક હિન્દીઓને ઉપયોગી શિક્ષણ આપવાની વહેલી તકે ગોઠવણ કરશે.

**ઉપસંહાર :**

ટૂંકમાં કહીએ તો આ રીતે અંગ્રેજી શિક્ષણ આપતી સંસ્થાઓનો ફેલાવો થતો રહ્યો. ૧૮૩૫ના ઉપર ઠરાવ પછી બંગાળ, મુંબઈ તથા મદ્રાસ પ્રાંતો તેમજ ઉત્તરપ્રદેશ અને પંજાબમાં અંગ્રેજી શિક્ષણનો ઝડપી ફેલાવો થયો; પરંતુ આનો અર્થ એમ નથી કે પૌર્વાત્ય ઢબનું શિક્ષણ અટકી ગયું. અંગ્રેજી શિક્ષણને અધિકૃત રીતે ઉત્તેજન આપવાની મેકોલેની નોંધ બેન્ટિકે સ્વીકારી, પરંતુ પૌર્વાત્ય શિક્ષણ આપતી સંસ્થાઓને મળતું સરકારી અનુદાન બંધ કરવાની તેની દરખાસ્તનો બેન્ટિકે અસ્વીકાર કર્યો. જોકે તેના વિદ્વાનોને સરકાર તરફથી મળતી શિષ્યવૃત્તિઓ બંધ કરવામાં આવી. પૌવત્યો તરફથી આનો ભારે વિરોધ થતાં લોર્ડ એલેકઝાન્ડરે ૧૮૩૯માં પૌર્વાત્ય વિદ્યાઓની સંસ્થાઓ તથા તેમના નિષ્ણાતોને પણ યોગ્ય અનુદાન આપવા સંચાલક મંડળની સંમતિ મેળવી. જોકે આ પછી અંગ્રેજી ભણેલા હિન્દીઓને નોકરીમાં પ્રથમ પસંદગી મળતાં આર્થિક હિતોને કારણે તેઓમાં અંગ્રેજી શિક્ષણ પ્રત્યે રુચિ વિશેષ પ્રમાણમાં પ્રસરી એટલે પૌર્વાત્ય શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા તથા મહત્તા આપોઆપ ઘટી. મુંબઈમાં એલ્ફિસ્ટન, મદ્રાસમાં મનરો તથા ઉત્તરપ્રદેશમાં થોમસના પ્રયાસોથી અંગ્રેજી અને પાશ્ચાત્ય વિદ્યાઓનું શિક્ષણ આપતી શાળાઓ અને મહાશાળાઓની સંખ્યા સારા પ્રમાણમાં વધી. થોમસને જમીનમહેસૂલ પર એક ટકો શિક્ષણવેરો નાંખતાં ઉત્તરપ્રદેશમાં પ્રાથમિક શિક્ષણને નોંધપાત્ર પ્રોત્સાહન મળ્યું.

**સંદર્ભો :**

1. Majumdar R.C. , History of Freedom Movement in india Vols. I, II, III, Calcutta, 1962-63

2. Nehru Javaharlal, The Discovery of India, New Delhi

3. પટેલ મોતીભાઈ, ભારતીય શિક્ષણનો ઈતિહાસ : એક ઝલક , બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૨૦૦૭-૨૦૦૮

4. ધારૈયા રમણલાલ, આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્યસંગ્રામો ભાગ-૨ (૧૯૨૦-૧૯૬૪), યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ, ૨૦૧૪

5. પટેલ એમ.કે અને અન્ય, ભારતમાં શિક્ષણનો વિકાસ અને માધ્યમિક શિક્ષણનું વ્યવસ્થાપન , અમોલ પ્રકાશન,અમદાવાદ, તૃતીય આવૃત્તિ, ૨૦૦૯